| દાખલ તારીખ | ૦૮/૦૫/૨૦૨૫ | | |
|---|---|---|---|
| રજીસ્ટર તારીખ | ૦૮/૦૫/૨૦૨૫ | | |
| નિકાલ તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૩ | ૦૦ |

**રાજકોટના મહે. સ્પે. જજ (પોક્સો કોર્ટ) તથા બીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ રાજકોટ.**

**<u>સ્પે. કેસ (પોક્સો) નંબરઃ ૫૧/૨૦૨૫</u>**

**આંકઃ ૬૮**

**<u>ફરિયાદી.</u>**

**સરકારશ્રી,**

**-// વિરૂદ્ધ //-**

**<u>આરોપી.</u>**

**વિજય જવરાભાઇ સાડમીયા,**
ઉ.વ. પુખ્ત, વ્યવસાયઃ ખેત મજુરી,
રહે. ત્રંબોડા, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર.

**બાબત:** **<u>બીએનએસની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪, ૬.</u>**

**<u>વકિલશ્રીઓ::</u>**
ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એપીપીશ્રી
<u>બચાવપક્ષ તરફે વિદ્વાન વકિલ શ્રી એ. એ. કલાડીયા.</u>

**<u>ફોર્મ-બી</u>**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૭/૦૨/૨૦૨૫ પછીનો કોઇપણ સમય.. |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૯/૦૨/૨૦૨૫ |

| | |
|---|---|
| **ચાર્જશીટની તારીખ** | **૦૮/૦૫/૨૦૨૫** |
| **ચાર્જ ફરમાવ્યાની તારીખ** | **૧૬/૦૭/૨૦૨૫** |
| **પુરાવો શરૂ થયાની તારીખ** | **૨૯/૦૧/૨૦૨૬** |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | **૨૭/૦૭/૨૦૨૬** |
| **ચુકાદો આપ્યા તારીખ** | **૦૮/૦૮/૨૦૨૬** |
| **સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો** | **––** |

## આરોપીની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **વિજય જવરાભાઇ સાડમીયા.** | **૨૩/૦૩/૨૦૨૫** | **૦૨/૦૬/૨૦૨૫** | **બીએનએસની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪,૬.** | **નિર્દોષ** | – | – |

## –// ચુ કા દો //–

૧. અત્રે એ નોંધવુ પડે કે નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા ૨૦૧૯(૧) એસીઆર પેજ નંબરઃ ૬૬૩, નિપૂન સકસેના અને બીજાઓ વિરૂદ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા અને બીજાઓના કેસમાં આપેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી તેમજ પોક્સો એકટની જોગવાઈઓ ધ્યાને લેતા ભોગબનનારની ઓળખ (પબ્લીક એટ લાર્જ) છતી ન થાય તેની પુરતી કાળજી રાખવાના હેતુથી સદર ચુકાદામાં ભોગબનનારના નામનો તથા તેમના માતા–પિતાના

નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને ભોગબનનારને નામની જગ્યાએ ભોગબનનાર તરીકે તથા તેમના માતા–પિતાને ભોગબનનારના માતા–પિતા તરીકે સંબોધવામાં આવેલ છે.

૨. આ કામના આરોપી પોકસો કેસ નંબરઃ ૫૧/૨૦૨૫ ની ટ્રાયલનો સામનો કરી રહ્યા છે, તેઓની વિરૂદ્ધ બીએનએસની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪, ૬ મુજબના ગુન્હા સબબ આંક–૨૦ થી તહોમતનામું ફરમાવેલ જે તહોમતનામું આરોપીને વાંચી સંભળાવતા તેમનું આંક–૨૧ થી નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ તહોમતનામાં મુજબના ગુન્હાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ. જેથી આરોપી સામે તહોમતનામા મુજબ ના ગુન્હા સબબ ની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત</u>.**

3. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીની ભાણી ભોગબનનાર નંબરઃ (M) બનાવ સમયે વર્ષ ૧૬, ૫ માસની તથા ભોગબનનાર નંબરઃ (K) બનાવ સમયે વર્ષ ૧૪ વાળી બન્ને ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતા તેણીઓને આરોપીએ લલચાવી, ફોસલાવી તારીખઃ ૦૭/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૮–૦૦ વાગ્યાના અરસામાં નવાપરા, બામણબોર, તા. જિ. રાજકોટ ખાતેથી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ/અપનયન કરી ભગાડી લઈ જઈ બન્ને ભોગબનનારને આરોપીએ પોતાની સાથે રાખી અને આરોપીએ ભોગબનનાર(M) સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીની સાથે અવારનવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર સંભોગ, ઉગ્ર પ્રવેશ, જાતીય હુમલો

કરી આરોપીએ ગુન્હો કરેલ હોય, આ બાબતની ફરિયાદીએ રાજકોટ શહેર, એરપોર્ટ પોલીસ સ્ટેશનમા ફરિયાદ કરતા પોલીસે તે ફરિયાદ રાજકોટ શહેર, એરપોર્ટ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૮૨૫૦૦૦૯/૨૦૨૫, બી.એન.એસ. એક્ટ-૨૦૨૩ ની કલમ ૧૩૭(૨), ૮૭ મુજબનો ગુનો નોંધી, ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ કરતા, આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાય આવતા, આરોપી વિરુદ્ધ બીએનએસની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪, ૬ મુજબના ગુનાનુ ચાર્જશીટ અત્રેની સ્પે. (પોક્સો) કોર્ટમા ઈન્સાફી નિકાલ સારુ રજુ કરવામાં આવેલ છે.

૪. ફરીયાદપક્ષ તર્ફે પોતાના કેસના સમર્થનમા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(એ) **મૌખિક પુરાવો.**

| ક્રમ | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ભોગબનનારના નાના- ફરિયાદી. | ૨૫ |
| ૦૨ | ભોગબનનાર(M) | ૩૩ |
| ૦૩ | ભોગબનનારના માતા | ૪૮ |
| ૦૪ | ભોગબનનાર(K) | ૪૯ |
| ૦૫ | બન્ને ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર ડો. કૃપા શૈલેષભાઇ ડોલસીયા. | ૫૨ |
| ૦૬ | આરોપીની મેડીકલ તપાસણી કરનાર ડો. રવિ શિવાભાઇ ગઢીયા. | ૫૫ |
| ૦૭ | તપાસ કરનાર અધિકારી ઈલાબેન નરશીભાઇ સાવલીયા. | ૫૯ |

(બી) **દસ્તાવેજી પુરાવો.**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન અને વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદ. | ૨૬ |
| ૦૨ | ભોગબનનાર(M)ના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ | ૨૭ |

| | | |
|---|---|---|
| ૦૩ | ભોગબનનાર(K) ના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ | ૨૮ |
| ૦૪ | બન્ને ભોગબનનારનુ બીએનએસએસની કલમ ૧૮૩ નુ સંયુક્ત નિવેદન. | ૩૪ |
| ૦૫ | ભોગબનનાર(M) ની મેડીકલ તપાસણીનુ સર્ટિફિકેટ. | ૫૩ |
| ૦૬ | ભોગબનનાર(K) ની મેડીકલ તપાસણીનુ સર્ટિફિકેટ. | ૫૪ |
| ૦૭ | આરોપીની મેડીકલ તપાસણીનુ સર્ટિફિકેટ. | ૫૬ |
| ૦૮ | ગુન્હો રજી. કરવા અંગેનો પત્ર. | ૬૦ |
| ૦૯ | ભોગબનનારના કપડા કબ્જે કર્યાનુ પંચનામું. | ૬૧ |
| ૧૦ | જે જગ્યાએ બનાવ બનેલ તે જગ્યાનુ પંચનામું. | ૬૨ |
| ૧૧ | મુદામાલ રવાનગી. | ૬૩ |
| ૧૨ | મુદામાલ મળી ગયાની પહોંચ. | ૬૪ |
| ૧૩ | એફ.એસ.એલ.નો પત્ર. | ૬૫ |
| ૧૪ | મુદામાલ પૃથ્થકરણ અહેવાલ. | ૬૬ |

**૫.** આ કામે વિ.એ.પી.પી.શ્રીએ કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ આરોપીનું બીએનએસએસની કલમ ૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, "અમો નિર્દોષ છીએ, સદરહુ ગુન્હામાં અમોને ખોટી રીતે અટક કરી ખોટી રીતે સંડોવી દીધા છે. કહેવાતા ગુન્હા વિશે અમને કાંઇ માહિતી નથી."

**૬.** આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓનુ મૂલ્યાંકન કરતાં પહેલાં બંને પક્ષના વિ.વ.શ્રીઓ દ્વારા કરવામાં આવેલી સમગ્ર રજૂઆતો ધ્યાને લેવામાં આવેલ છે. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી રજૂઆત કરતાં જણાવે છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે જોતાં આ કામના આરોપીએ ભોગ બનનાર(M) સગીર વયની ફરિયાદીની દિકરીને બદકામ કરવાના બદઈરાદે તેના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી ભગાડી લઈ જઈ અપહરણ કરી ભોગ

બનનાર(M)ની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરીક સંભોગ (બળાત્કાર) કરી આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. ફરિયાદીનો પુરાવો વંચાણે લેતા ફરિયાદીએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સ્પષ્ટપણે સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે તેમજ આ કામે તબીબી પુરાવાથી તેમજ તપાસ કરનાર અમલદારના પુરાવાથી અને સાયન્ટીફિક અહેવાલની હકીકતોથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળતું હોઈ, આરોપી વિરૂધ્ધ ગુનો સાબીત થતો હોઈ આરોપીને સખત સજા કરવા અરજ ગુજારેલ છે.

**૭.** જયારે બચાવપક્ષ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા પોતાની દલીલોમાં જણાવે છે કે, હાલના કેસમાં ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ કરેલા આક્ષેપો તેમજ તહોમતનામાં મુજબનો કોઈ ગુનો ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી. મહત્વના સાહેદ ભોગબનનાર(M) નાઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. આરોપીની ખોટી રીતે સંડોવણી કરેલ છે. ફરિયાદીએ પણ સમર્થન કરેલ નથી. ભોગબનનાર(M) સાથે આરોપીએ બળાત્કાર કરેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થયેલ નથી. આ તમામ સંજોગો, કારણો ધ્યાને લઈ ફરિયાદપક્ષે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૮. સદર કામે બન્ને પક્ષની રજૂઆતો, કેસની હકીકતો અને અત્રે રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧) **શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે બનાવ સમયે ભોગબનનાર(M) તથા ભોગબનનાર (K) સગીર વયની**

**હતી ?**

**૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે આ કામના ફરિયાદીની બન્ને ભોગબનનાર સગીર વયની દિકરીઓનુ આરોપીએ તારીખઃ ૦૭/૦૨/૨૦૨૫ ના રોજ ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જઈ પોતાની સાથે રાખી ભોગબનનાર(M) સાથે તેની મરજી વિરુદ્ધ અવારનવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી ઉગ્ર પ્રવેશ જાતિય હૂમલો કરી આરોપીએ બીએનએસની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨) (એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪, ૬ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે ?**

**૩) શું હુકમ ?**

૯. ઉપરોક્ત મુદાઓના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

**૧) નકારાત્મક,**

**૨) નકારાત્મક,**

**૩) આખરી હુકમ મુજબ.**

-// <u>કા ર ણો</u> //-

**<u>પુરાવાનું મુલ્યાંકન</u>:-**

૧૦. ફોજદારી કાર્યવાહી દરમ્યાન સાહેદોના ત્રણ પ્રકાર નકકી કરી શકાય. (૧) પ્રથમ એવા સાહેદ કે જેમનો પુરાવો સાહજિક અને સત્યથી નજીક હોય તે પુરાવો અદાલત સ્વીકારી શકે અને તે પુરાવો માનવાલાયક અને ભરોસાપાત્ર છે. (૨) બીજા સાહેદો કે જેનો પુરાવો સત્ય અથવા અસત્ય મિશ્રિત કથન આપતા હોય તો તેવા સમયે અદાલતે જો સત્ય અને અસત્ય દુર કરી શકાય તેમ હોય તો જે પુરાવો ભરોસાપાત્ર, માનવાલાયક અને સ્વીકારવાલાયક હોય તેટલો પુરાવો સ્વીકારવો જોઈએ અને અન્ય

પુરાવો અસ્વીકૃત કરવો જોઈએ. (૩) સાહેદોનો ત્રીજો પ્રકાર એવો છે કે, જે સાહેદોનો પુરાવો સાહજીક અને સત્યની નજીક ન હોય, દુર હોય માનવાલાયક ન હોય તો, પુર્ણપણે અદાલતે અવગણવો જોઈએ.

**૧૧.** ભોગ બનનારના માતા–પિતા, ભાઈ–દિકરી અગર તો નજીકનાં સગા કે હિતેચ્છુ કે મિત્ર હોય, તેટલા જ કારણોસર પુરાવો અવગણવો ન જોઈએ પરંતુ, અદાલતે સતર્કતા દાખવી મુલ્યાંકન કરવું જોઈએ. નજરે જોનાર સાહેદ તથા ઈજા પામનાર સાહેદોનો પુરાવો તેમજ જાહેર સેવક તેમની ફરજની રુએ જે કાર્ય બજાવતા હોય તે પુરાવો તેમજ નિષ્ણાંત અભિપ્રાય અને મંતવ્ય સિધ્ધ પુરાવો અદાલતે સામાન્ય રીતે સ્વીકારવો જોઈએ. ઉપરોકત કાનુની પ્રસ્થાપિત સર્વો સામાન્ય સિધ્ધાંતો અનુલક્ષીને અદાલતે રજુ મૌખિક પુરાવો જે સાહેદો અદાલત સમક્ષ પ્રસ્તુત કરતા હોય ત્યારે પુરાવાના મુલ્યાંકન સમયે બનાવ કે ઘટના કઈ પરિસ્થિતિ અને સંજોગોમાં બનેલ છે. બનાવ બન્યા બાદ અદાલત સમક્ષ પુરાવો આપવા દરમ્યાનનો સમય ગાળો, અદાલતનું વાતાવરણ, સાહેદોની માનસિક–શારિરીક, બૌધ્ધિક સમજતા, ક્ષમતા જેવા પરિબળો લક્ષમાં લેવાના રહે છે.

**૧૨.** ફરીયાદપક્ષના રજુ પુરાવામાં વિરોધાભાસ, અતિરેક, વિસંગતતા અગર અસંગતતા સામાન્ય રીતે જોવા મળતી હોય છે. આ પ્રકારની અસંગતતા, વિરોધાભાસ, અતિરેક કે વિસંગતતા સમગ્ર રીતે ફરીયાદપક્ષના પુરાવાને કલુષિત, દુષિત અસર કરતી ન હોય તેવા સમયે વિસંગતા અતિરેક અવગણવી જોઈએ. સાક્ષી અદાલત સમક્ષ જયારે જુબાની આપવા આવે છે તે સમયે પોતાની વિશ્વસનિયતા પ્રસ્થાપિત કરવા અગર તો, અદાલત તેને ખોટો ન

માને, તેવા ભયના કારણસર, લાગણીના કારણે કે અન્ય કારણોસર કેટલીક હકીકતો, કથનો ઉમેરે અગર તો રજુ ન કરે તે અસંભવિત છે. તે હકીકત અદાલતે પુરાવાનાં મુલ્યાંકન સમયે લક્ષમાં લેવી જોઈએ. જયારે પુરાવો પુર્ણપણે રજુ ન થાય તેવા સમયે સ્વાભાવિક દલીલ થઈ શકે કે પુરાવો કૃત્રિમ છે, તેજ રીતે જયારે પુરાવો પુર્ણપણે ન હોય ત્યારે તેથી વિપરીત દલીલ થઈ શકે કે પુરાવો સંપુર્ણ નથી. પુર્ણતા અદાલત સમક્ષના પુરાવામાં સંભવી ન શકે વિજ્ઞાનના સુત્ર મુજબ "2H2 + 02 =2H20" અદાલત સમક્ષના પુરાવામાં શકય નથી. પુરાવાના મુલ્યાંકન માટે કોઈ સ્પષ્ટ વૈધાનિક કાનુની નિયમ નથી, પરંતુ અદાલતે જે તે કેસની હકીકત, સંજોગો, પુરાવો અનુલક્ષીને પુરાવાનું મુલ્યાંકન કરવાનું છે.

**૧૩.** ૨૦૦૭, જી.એલ.આર. પાના નંબરઃ ૯૯, જયંતિભાઈ કુબેરદાસ સવા વિ. સરકારના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું નોંધેલ છે કે, પુરાવાના મુલ્યાંકન અંગેના સિદ્ધાંત જોતા, બધી બાબતમાં પોલાદી સત્ય હકીકત તારવતો, ફરીયાપક્ષનો કેસ હોઈ શકે નહી. અદાલતે સાહેદની સમજ શકિત અને તે સમજી શકે છે તેવા મગજનાં સ્તરને ધ્યાનમાં રાખી, પુરાવાનું મુલ્યાંકન કરવાનું છે. વ્યાજબી શંકાથી પર સાબિતી, એ માત્ર માર્ગદર્શન છે તે કોઈ સિદ્ધાંત પ્રત્યેની અંધશ્રદ્ધા નથી.

**<u>મુદ્દા નંબરઃ ૧ ની ચર્ચા</u>**.

**૧૪.** આ કામે સૌ પ્રથમ ભોગ બનનાર(M) તથા ભોગબનનાર(K) બનાવ સમયે સગીર વયની હતી કે કેમ ? તે બાબતે ચર્ચા કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષે **આંક–૨૭ થી ભોગ બનનાર(M) ના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ તથા આંક ૨૮ થી ભોગ**

**બનનાર(K) ના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ રજુ થયેલ છે** અને તે સર્ટિફિકેટોમાં ભોગ બનનાર(M) ની જન્મ તારીખઃ ૨૨/૦૮/૨૦૦૮ તથા ભોગબનનાર(K) ની જન્મ તારીખઃ ૨૯/૦૮/૨૦૧૦ ની જણાવેલ છે. આ કામે આંક-૨૬ થી ફરીયાદ રજુ થયેલ છે જે ફરીયાદ હકીકત મુજબનો બનાવ તારીખઃ ૦૭/૦૨/૨૦૨૫ ના કલાક ૬-૦૦ વાગ્યા પછીના કોઈપણ સમયે બનેલાનું ફરીયાદીએ જણાવેલ છે. આ કામે આંક-૧ નું ચાર્જશીટ ભોગ બનનાર(M)ની ૧૭ વર્ષ તથા ભોગબનનાર(K) ની ૧૪ વર્ષની ઉંમર સાથેનું થયેલ છે, જેથી તેની સાથે પડેલ પુરાવો ધ્યાને લેવો જરૂરી બની જાય છે. આ કામે આંક-૨૭ થી ભોગ બનનાર(M) ના શાળા છોડયાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા આંક ૨૮ થી ભોગ બનનાર(K) ના શાળા છોડયાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ રજુ રાખવામાં આવેલ છે, પરંતુ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સદરહુ બન્ને ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્ર ઈશ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારીઓને તપાસવામાં આવેલ નથી કે તેઓનુ કોઈ નિવેદન તપાસ કરનાર અધિકારી દ્વારા લેવામાં આવેલ નથી.

દસ્તાવેજને આંક પાડી દેવાથી તેના કન્ટેન્સ પુરવાર થઈ જતા નથી.

નામ. સુપ્રિમકોર્ટ દ્વારા Civil Appeal No.1889 Of 2020 (Arising out of Special Leave Petition (C) No.17437 of 2017) JAGMALSINH & ANR..V/s KARAMJIT SINGH & ORS..ના ચુકાદાના પેરા-૧૭ માં ઠરાવેલ છે કે...

"Para-17. Needless to observed that merely the admission in evidence and making exhibit of a document does not prove it automatically unless the

same has been proved in accordance with the law."

**૧૪.૧.** વધુમાં ફરિયાદી તેમના કોર્ટ સમક્ષના આંક ૨૫ ના સોગંદ ઉપરના પુરાવામાં સરતપાસમાં જણાવેલ છે કે બન્ને ભોગબનનારની જન્મ તારીખ અને ઉંમરની તેમને ખબર નથી અને બન્ને ભોગબનનાર કઇ શાળામાં અભ્યાસ કરતી હતી તેની પણ તેમને ખબર નથી. વધુમાં જણાવેલ છે કે ભોગબનનાર(M) આરોપી સાથે રહે છે. વધુમાં ફરિયાદીએ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બન્ને ભોગબનનારે તેની સાથે આરોપીએ કોઇ ખરાબ કૃત્ય કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી તેમજ બન્ને ભોગબનનારને આરોપીએ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઇ જઇ શારિરીક સંબંધ બાંધેલ હોય તેવુ તેમને કોઇએ કીધેલ નથી અને તેવુ કંઇ બનેલ નથી. વધુમાં ફરિયાદીએ એ હકીકત પણ સ્વીકારેલ છે કે બન્ને ભોગબનનારના ઉંમરના કોઇ દસ્તાવેજી પુરાવા તેઓએ પોલીસને આપેલી નથી. વધુમાં ભોગબનનાર(M)ને આ કામે આંક ૩૩ થી સોગંદ ઉપર તપાસ્યા છે અને તેણીએ જણાવેલ છે કે તેણી સાથે કોઇ બનાવ બનેલ નથી અને તેણી સગીરવયની હોય તે દરમ્યાન આરોપી વિજય તેણીને તથા તેણીની બહેનને લલચાવી ફોસલાવી ભગાડીને કયાંય લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી તેમજ આરોપી વિજયે તેણીની સાથે શરીર સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી અને તેણી તથા તેણીની બહેન આરોપી સાથે કયાંય ગયેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં ભોગબનનાર(M) એ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેમની ઉંમર ૨૦ વર્ષની છે. વધુમાં આ કામે ભોગબનનાર(K) ને આંક ૪૯ થી સોગંદ ઉપર તપાસ્યા છે અને તેણીએ જણાવેલ છે કે, તેણીની સાથે કોઇ બનાવ બનેલ નથી અને વધુમાં જણાવેલ છે કે તેણી તથા તેણીની બહેન આરોપી વિજય સાથે કોઇ હોટેલમાં

ગયેલ નથી કે કોઇ હોટેલમાં રોકાયેલ નથી. વધુમાં ભોગબનનાર(K) એ તેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે આરોપી વિજયે તેણીનુ કોઇ અપહરણ કરેલ નથી તેમજ આરોપી વિજય તેણીને લલચાવીને કોઇ જગ્યાએ લઇ ગયેલ નથી.

**૧૪.૨** આમ, ફરિયાદી અને બન્ને ભોગબનનારનો મૌખિક પુરાવો વંચાણે લેતા ફરિયાદીએ જણાવેલ છે કે બન્ને ભોગબનનારની જન્મ તારીખ અને ઉંમરની તેમને ખબર નથી અને બન્ને ભોગબનનાર કઇ શાળામાં અભ્યાસ કરતી હતી તેની પણ તેમને ખબર નથી તેમજ બન્ને ભોગબનનારને આરોપીએ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઇ જઇ શારિરીક સંબંધ બાંધેલ હોય તેવુ તેમને કોઇએ કીધેલ નથી અને તેવુ કંઇ બનેલ નથી અને બન્ને ભોગબનનારના ઉંમરના કોઇ દસ્તાવેજી પુરાવા તેઓએ પોલીસને આપેલી નથી. વધુમાં ભોગબનનાર(M) એ જણાવેલ છે કે તેણી સાથે કોઇ બનાવ બનેલ નથી અને તેણી સગીરવયની હોય તે દરમ્યાન આરોપી વિજય તેણીને તથા તેણીની બહેનને લલચાવી ફોસલાવી ભગાડીને કયાંય લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી તેમજ આરોપી વિજયે તેણીની સાથે શરીર સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી અને તેણી તથા તેણીની બહેન આરોપી સાથે કયાંય ગયેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં ભોગબનનાર(K) એ જણાવેલ છે કે, તેણીની સાથે કોઇ બનાવ બનેલ નથી અને વધુમાં ભોગબનનાર(K) એ એમ પણ સ્પષ્ટ જણાવેલ છે કે આરોપી વિજયે તેણીનુ કોઇ અપહરણ કરેલ નથી તેમજ આરોપી વિજય તેણીને લલચાવીને કોઇ જગ્યાએ લઇ ગયેલ નથી.

**૧૪.3** વધુમાં આ કામે રજુ આંક ૨૭ નુ ભોગબનનાર(M)નુ તથા આંક ૨૮ થી ભોગબનનાર(K)નુ શાળા છોડયાના પ્રમાણપત્ર ઇશ્યુ

કરનાર સક્ષમ સત્તાધિકારીને તપાસવામાં આવેલ નથી અને તપાસ દરમ્યાન બન્ને ભોગબનનારના શાળા છોડયાના સર્ટિફિકેટમાં જણાવવામાં આવેલ બન્ને ભોગબનનારની જન્મ તારીખની નોંધ બાબતે સંબંધિત કચેરીમાં જઇ લાગતા વળગતા કર્મચારીઓના નિવેદનો નોંધી જન્મ તારીખની કોઇ ખરાઇ કરવામાં આવેલ હોવાનુ તપાસ કરનાર અધિકારીનો સમગ્ર પુરાવો વંચાણે લેતા જણાય આવતુ નથી. આ સંજોગોમાં કોઇપણ દસ્તાવેજ રજુ કરી દેવા માત્રથી તેમાં રહેલ કન્ટેનશન પુરવાર થઇ જતા નથી. વધુમાં આ કામે બન્ને ભોગબનનારની ઉંમર બાબતે કોઇ મેડીકલ ટેસ્ટ પણ કરાવવામાં આવેલ નથી તેવા સંજોગોમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા **State Of Gujarat v/s Lalji Chhaganaji Thakor, CRIMINAL APPEAL NO. 902 of 1996** ના તા. ૨૧/૦૯/૨૦૨૩ ના ન્યાય નિર્ણયના પારા નંબરઃ ૩૪ અને ૩૫ માં કરવામાં આવેલા અવલોકનો વંચાણે તથા ધ્યાને લેવા જરુરી જણાય છે જે નીચે મુજબ છે.

“34. We may further notice that even with reference to Section 35 of the Indian Evidence Act, a public document has to be tested by applying the same standard in civil as well as criminal proceedings. In this context, it would be appropriate to notice the observations made by this Court in the case of Ravinder Singh Gorkhi Vs. State of U.P., (2006) 5 SCC 584 held as follows:-

"The age of a person as recorded in the school register or otherwise may be used for various purposes, namely, for obtaining admission; for obtaining an appointment; for contesting election; registration of marriage; obtaining a separate unit under the ceiling laws; and even for the purpose of litigating before a civil forum e.g. necessity of being represented in a court of law by a guardian or where a suit is filed on the ground that the

plaintiff being a minor he was not appropriately represented therein or any transaction made on his behalf was void as he was a minor. **A court of law for the purpose of determining the age of a party to the lis, having regard to the provisions of Section 35 of the Evidence Act will have to apply the same standard.** No different standard can be applied in case of an accused as in a case of abduction or rape, or similar offence where the victim or the prosecutrix although might have consented with the accused, if on the basis of the entries made in the register maintained by the school, a judgment of conviction is recorded, the accused would be deprived of his constitutional right under Article 21 of the Constitution, as in that case the accused may unjustly be convicted."

35. The conspectus of the legal precedents as mentioned herein above is as under:-

**The school leaving certificate issued by the statutory authority which is running a government school or by local body is admissible under Section** 35 **of the Evidence Act. However, the admissibility of such a document would be of not much evidentiary value to prove the age of the girl in the absence of the further corroborative evidence. The person who made the entry and who gave the date of birth is required to be examined.** Such person who is supporting the date of birth recorded in the school leaving certificate has to disclose the source of date of birth. As per the provisions of Bombay Primary Education Rules and more particularly, rule 130 thereof, reveals that every child seeking admission for the first time into an approved school is required to produce a certificate of age signed by its parents. In the case of illiterate parents, the certificates are required to bear their thumb impression attested by a literate person other than a teacher of the school to which the child seeks admission. It is the date of birth given in this certificate which is required to be entered in the school (General)

Register. Thus, at the time when the child seeks admission for the first time into an approved school, the birth date is required to be entered on the basis of a certificate of age signed by its parents. This is necessary because under the Bombay Primary Education Act and the Rules made there under it is compulsory for the guardian to state the exact date of birth at the time of getting the child admitted and at that time not only produce the evidence as to how a particular date has been given to the school authorities but a statement is also filed in the school under the Act and the Rules. **The investigating officer is required to collect the evidence as who got the date of birth recorded in the school, and has to collect the record available from the local body which recorded the date of birth under Registration of Births and Deaths Act,** 1969.

ઉપરોકત ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરવામા આવ્યુ છે કે, ઉંમરની હકીકતો સાબીત કરવા માટે જન્મ તારીખની નોંધ કરનાર અને જેણે જન્મ તારીખ આપી હોય તેવા વ્યકિતની તપાસણી જરુરી છે તેમજ તપાસ કરનાર અધીકારીએ તપાસ દરમ્યાન જન્મ તારીખને લગતુ સાહિત્ય પુરાવા તરીકે એકત્ર કરવુ જરુરી છે. જો આ પરીબળો સંતોષાતા હોય ત્યારે શાળા છોડયાનો દાખલો ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૩૫ હેઠળ ગ્રાહય બને છે. હાથ પરનાં કેસમાં ફરીયાદપક્ષ દ્વારા માત્ર બન્ને ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રો રજુ રાખવામાં આવેલ છે પરંતુ સદરહુ સર્ટિફિકેટો ઈશ્યુ કરનાર સક્ષમ સત્તાઅધિકારીઓને તપાસવામાં આવેલ નથી તેમજ સદરહુ સર્ટિફિકેટોમાં બન્ને ભોગબનનારની જન્મ તારીખ કોણે આપી હતી અને તે કયા આધાર પર દાખલ કરવામાં આવી હતી તેની કોઈ નોંધ નથી. આ સંજોગોમાં ઉપરોકત ચુકાદામાં જણાવવામાં આવેલા મહત્વના પરીબળો પ્રસ્તુત કેસમાં સંતોષાતા નથી, ત્યારે આંક–૨૭, ૨૮ થી રજુ રાખવામાં આવેલ બન્ને ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રો એ બન્ને

ભોગબનનારની ઉંમરનો નિર્ણય કરવા માટેના સબળ પુરાવા તરીકે ભા.પુ.અધિનિયમની કલમ–૩૫ હેઠળ ગ્રાહય રાખવા પાત્ર પુરાવો બનતો નથી. એ હકીકત પણ સ્વીકૃત છે કે, તપાસ દરમ્યાન બન્ને ભોગબનનારનું ઓસિફિકેશન ટેસ્ટ અથવા અન્ય કોઈપણ તબીબી વય નિર્ધારણ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું નથી. સમગ્રપણે, ઉપરોકત ચુકાદામાં કરવામાં આવેલા અવલોકનો ધ્યાને લેતા, ફરીયાદપક્ષ દ્વારા આંક–૨૭, ૨૮ થી રજુ કરવામાં આવેલ બન્ને ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રો ગ્રાહ્ય રાખવા પાત્ર પુરાવો ન હોઈ માટે તે કોઇ પુરાવાત્મક મૂલ્ય ધરાવતો નથી જેથી તેવો એકમાત્ર પુરાવો બન્ને ભોગબનનારની ઉંમરના પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય નહિ.

**૧૪.૪** આમ, આ કામે ઉપરોકત કરેલ તમામ ચર્ચા ધ્યાને લેતાં, બન્ને ભોગ બનનારની ઉંમર બાબતે વિરોધાભાસ રેકર્ડ ઉપર આવતો હોઈ, **બન્ને ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે અને શંકારહીત પુરવાર કરી શકેલ ન હોય,** હું મુદ્દા નંબરઃ ૧ **નકારમાં** નિર્ણીત કરુ છું.

**<u>મુદ્દા નંબરઃ ૨.</u>**

**<u>ફરીયાદી, બન્ને ભોગબનનાર તેમજ ભોગબનનારના માતાનો મૌખિક પુરાવો.</u>**

**૧૫.** આ કામે **ભોગબનારના માતા ફરિયાદીને સાહેદ નંબરઃ ૧ આંક ૨૫** થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેમને સંતાનમા ૩ દિકરા અને ૫ દિકરી છે અને આ કામના ભોગબનનાર તેમની દિકરીની દિકરી થાય છે તેમની દિકરીના લગ્ન ચોટીલા મુકામે થયેલા અને તેમની દિકરીને સંતાનમા ૩ દિકરા અને ૩ દિકરી છે જે પૈકી ભોગબનનાર(એમ) તથા ભોગબનનાર(કે) છે.

બનાવ સમયે ભોગબનનાર(એમ) તથા ભોગબનનાર(કે) તેમની માતા સાથે રહેતી હતી અને તેમને ઘરમા સંકડાશ હોવાથી બંન્ને ભોગબનનાર તેઓના ઘરે સુવા માટે અને કામકાજ અર્થે આવતી હતી અને બનાવ સમયે બંન્ને ભોગબનનાર બામણબોર જી.આઇ.ડી.સી. પાસે આવેલ કારખાનામા કામ કરવા જતી હતી પરંતુ કારખાનાનુ નામ મને યાદ નથી. વધુમાં જણાવેલ છે કે બંન્ને ભોગબનનાર બનાવ સમયે તેમના ઘરેથી રાત્રીના સમયે ભાગીને જતી રહેલી અને તે આ કામના આરોપી સાથે જતી રહેલી અને તેમને તેના નામની ખબર નથી તેમજ આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. વધુમાં ફરિયાદી જણાવે છે કે બંન્ને ભોગબનનારની જન્મતારીખ અને ઉંમરની તેમને ખબર નથી અને બંન્ને ભોગબનનાર કઇ શાળામા અભ્યાસ કરતી હતી તેની પણ તેમને ખબર નથી. વધુમાં ફરિયાદી જણાવે છે કે બંન્ને ભોગબનનાર ઘરેથી જતી રહેલ હોય તેઓએ આ કામના આરોપી વિરુધ્ધ ફરીયાદ કરેલી અને તેઓ અભણ છે અને તેમને લખતા વાંચતા આવડતુ નથી. વધુમાં જણાવેલ છે કે ભોગબનનાર(એમ) સાથે આરોપીને પ્રેમસંબંધ હોય તેની તેમને કંઇ ખબર નથી. વધુમાં જણાવેલ છે કે ભોગબનનાર(એમ) આરોપી સાથે રહે છે અને ભોગબનનાર(કે) તેમની દિકરી સાથે રહે છે. ફરિયાદીના પુરાવા દરમ્યાન આંક ૨૬ થી ફરિયાદ તથા આંક ૨૭ અને આંક ૨૮ થી બન્ને ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રો રજુ થયેલ છે. વધુમાં ફરિયાદી જણાવે છે કે ફરીયાદ આપ્યા બાદ બંન્ને ભોગબનનાર આશરે બે-એક માસ બાદ પોલીસે શોધીને પોલીસ સ્ટેશન લઇ આવેલ તે સમયે તેઓ ફરીવખત પોલીસ સ્ટેશન ગયેલ અને તે વખતે બંન્ને ભોગબનનારે તેમને બનાવની કોઇ હકીકત જણાવેલી નહી.

**૧૫.૧.** વધુમાં બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરેલ છે તેમાં ફરિયાદીએ

સ્પષ્ટ સ્વીકારેલ છે કે...

**“એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર ફરીયાદમાં સહી કરવાનુ કહેતા મે ફકત મારા અંગુઠાનુ નિશાન કરેલ. પોલીસે ફકત મારુ નામ સરનામુ પુછેલુ.”**

**"એ વાત ખરી છે કે બંન્ને ભોગબનનારે તેની સાથે આરોપીએ કોઇ ખરાબ કૃત્ય કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી."**

**“એ વાત ખરી છે કે બંન્ને ભોગ બનનારને આરોપીએ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જઈ કોઈ શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ મને કોઈએ કીધેલ નથી અને તેવુ કંઈ બનેલુ નથી.”**

**“એ વાત ખરી છે કે આરોપીના નામની મને ખબર નથી.”**

**"એ વાત ખરી છે કે, હું આજરોજ કોઈની ધાક ધમકી કે દબાણ વિના મારી સ્વેચ્છાએ મારી મરજીથી જુબાની આપુ છુ.”**

**"એ વાત ખરી છે કે મે બંન્ને ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્ર પોલીસને આપેલા હોય તેવુ બનેલ નથી.”**

**"એ વાત ખરી છે કે બંન્ને ભોગબનનારના ઉંમરના કોઈ દસ્તાવેજી પુરાવા મે પોલીસને આપેલા નથી.”**

**૧૫.૨** આમ, ફરિયાદી/ભોગબનનારના દાદાનો સમગ્ર પુરાવો વંચાણે લેતા ફરિયાદીએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે બંન્ને ભોગબનનાર બનાવ સમયે તેમના ઘરેથી રાત્રીના સમયે ભાગીને જતી રહેલી અને તે આરોપી સાથે જતી રહેલી અને તેમને તેના નામની ખબર નથી અને આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે પરંતુ સાથે સાથે ફરિયાદીની ઉલટ તપાસ વંચાણે લઈએ તો સ્પષ્ટ જણાવેલ છે કે બંન્ને ભોગ બનનારને આરોપીએ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જઈ કોઈ શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ

કંઇ બનેલુ નથી તેમજ બંન્ને ભોગબનનારે તેની સાથે આરોપીએ કોઇ ખરાબ કૃત્ય કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. જેથી ફરિયાદીના પુરાવામાં બનાવની હકીકતો સંદર્ભે વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવતી હોવાનુ જણાય આવે છે અને ફરિયાદીએ પોતાની સરતપાસમાં જણાવેલ હકીકતોથી વિરુદ્ધની હકીકતો ઉલટતપાસમાં જણાવેલ છે. જેથી ફરિયાદીનો સમગ્ર પુરાવો વંચાણે લઇએ તો ફરિયાદપક્ષના કેસની હકીકતોને મદદરુપ થાય તેમ હોવાનુ માની શકાય તેમ નથી કારણ કે ફરિયાદીના પુરાવામાં મહત્વની હકીકતોએ વિરોધાભાસ હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે.

૧૬. ત્યારબાદ **સાહેદ નંબરઃ ૨ આંક ૩૩ થી ભોગબનનાર(M)**ને તપાસવામાં આવેલ છે અને તેણીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, તેણીની સાથે કોઇ બનાવ બનેલ નથી અને તેણી સગીરવયની હોવ તે દરમ્યાન આરોપી વિજય તેણીને તથા તેણીની સગીરવયની બેનને લલચાવી ફોસલાવી ભગાડીને કયાંય લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી તેમજ આરોપી વિજયે તેણીની સાથે શરીરસંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તેવુ બનેલ નથી તેમજ તેણી અને તેણીની સગીરવયની બહેન તથા આરોપી કયાંય ગયેલા હોય તેવુ બનેલ નથી તેમજ તેણી આરોપીને જોયે ઓળખતી નથી તેમજ બનાવ સમયે તેણી અને તેણીની નાની બેન એકલા પોતાના સગાને ત્યાં બહારગામ ચાલ્યા ગયેલા. વધુમાં ભોગબનનાર(M) એ જણાવેલ છે કે તેમના નાના શા કારણ પોલીસ સ્ટેશન ગયેલા તેની તેણીને ખબર નથી અને તેઓએ બનાવની કોઇ હકીકત તેમના પરીવારના સભ્યોને કે કોઇને જણાવેલ નથી તેમજ તેઓનુ મેડિકલ કરાવવામા આવેલુ તેમજ જજ સાહેબ પાસે નિવેદન આપવા માટે લઇ ગયેલા. બીજી તેણીને કંઇ ખબર નથી. સદરહુ

ભોગબનનાર સાહેદના પુરાવા દરમ્યાન આંક ૩૪ થી બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ નુ નિવેદન કે જે નિવેદનમા તેમની તથા તેમના મામીની તથા બીજા નિવેદનમા તેમની બેન ભોગબનનાર(કે) ની સહી છે તથા તેમના માતાના અંગુઠાનુ નિશાન છે, જે તેણીએ ઓળખી બતાવતા સદરહુ નિવેદન સંયુક્ત રીતે પુરાવામાં દાખલ થયેલ છે. વધુમાં ભોગબનનાર(M) એ જણાવેલ છે કે તેણીએ કોઇ કપડા પોલીસને આપેલા નથી અને તેણી કોઇ કપડા ઓળખતી નથી.

**૧૬.૧** આમ ભોગબનનાર(M) ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ ફરિયાદ હકીકત કે બનાવને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ભોગબનનાર(M)ની જુબાનથી રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૬.૨.** વધુમાં બચાવપક્ષે ભોગબનનાર(M)ની ઉલટતપાસ કરેલ છે તેમાં ભોગબનનાર(M) એ સ્પષ્ટ સ્વીકારેલ છે કે...

**"એ વાત ખરી છે કે પોલીસે ફકત મારુ નામસરનામુ પુછેલુ તે સીવાય બીજુ કંઇ પુછેલુ નહી અને મે કોઇ વિગત પોલીસને લખાવેલી નહી."**

**"એ વાત ખરી છે કે, મે જે બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ નું નિવેદન આપેલુ તે મે મારા સગાવાલાના અને સમાજના કહેવાથી આપેલ હતુ અને તે બોલવાનું કહેતા મે બોલેલું પરંતુ તેમા જણાવ્યા મુજબની હકીકત મારી સાથે બનેલી નથી."**

**"એ વાત ખરી છે કે ડોકટર રુબરુ મે કોઇ હિસ્ટ્રી લખાવેલ નથી."**

**"એ વાત ખરી છે કે મારી ઉંમર ૨૦ વર્ષની છે."**

**"એ વાત ખરી છે કે આરોપી મને કે મારી બેનને કયાંય લઇ ગયેલ હોય**

**કે મારી સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી."**
**"બનાવના દિવસે હું તથા મારી બેન અમારા સગાને ત્યાં ચાલ્યા ગયેલા."**
**"આરોપીને હું જોયે ઓળખતી નથી."**
**"એ વાત ખરી છે કે હું કોઈપણ લાલચ, દબાણ કે ધમકી વગર આજરોજ જુબાની આપુ છુ."**

**૧૬.૩** આમ ઉપરોકત નોંધવામાં આવેલ ભોગબનનાર(M)ની સમગ્ર જુબાની વંચાણે લેતા, ભોગબનનાર(M) એ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી અને ભોગબનનાર(M)નુ કે તેમની બહેનનુ આરોપી અપરહરણ કરીને લઈ ગયેલ હોય કે ભોગબનનાર(M) સાથે આરોપીએ શરીરસંબંધ બાંધેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન મળતુ નથી. આ સંજોગોમાં આ કામના આરોપીએ ભોગબનનાર(M)ને તથા તેની બહેનને તેના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે તેણીનુ અપહરણ કરી લઈ જઈ દુષ્કર્મ કરેલ હોય તેવી કોઈ જ હકીકત અંગેનો પુરાવો ભોગબનનાર(M)ની જુબાનીથી રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૭.** આ કામે ફરિયાદપક્ષ તરફે **સાહેદ નંબરઃ ૪, આંક ૪૯ થી ભોગબનનાર(K)** ને સોગંદ ઉપર તપાસ્યા છે અને તેણીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે તેમને વનરેબલ રૂમમાંથી સામે ટી.વી.ના માધ્યમથી આરોપી બતાવવામાં આવેલ છે અને સાહેદે આરોપીને નામજોગ ઓળખી બતાવેલ છે. વધુમાં ભોગબનનાર(K) એ જણાવેલ છે કે ભોગબનનાર (એમ) તેમની મોટી બહેન થાય છે અને આજથી એકાદ વર્ષ પહેલા તેઓ ત્રણેય બહેનો પોતાના મામાના ઘરે

નવાગામ રહેતા હતા અને ભોગબનનાર(એમ) ત્યા કારખાનામાં કામ કરવા જતી હતી અને તે કારખાનામાં તેમના માતા પણ કામ કરતા હતા અને બનાવ સમયે વિજય ગ્રીમપ્લાય કારખાનામાં કામ કરતો હતો. વધુમાં જણાવેલ છે કે, તેમની સાથે કાંચ બનાવ બનેલ નથી. વધુમાં જણાવેલ છે કે તેણી, તેણીની બહેન અને વિજય કયાંય કોઇ હોટલમાં ગયેલ નથી કે કયાંય હોટલમાં રોકાયેલ નથી. વધુમાં જણાવે છે કે પોલીસ તેણીને તેણીની મેડીકલ ચકાસણી કરાવવા હોસ્પિટલ લઈ ગયેલા અને જજ સાહેબ સમક્ષ નિવેદન આપવા લઈ ગયેલા અને આંક–૩૪ પૈકીના તેણીના બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ ના નિવેદનમાં તેમની સહી હોવાનુ ઓળખી બતાવેલ છે તેમજ તેણીએ પોલીસને તેણીના કપડા આપેલા છે.

**૧૭.૧** સદરહુ સાહેદ ભોગબનનાર(K) ની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સાહેદે સ્વીકારેલ છે કે,...

**"એ વાત ખરી છે કે, આરોપીએ મારી સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી."**

**"એ વાત ખરી છે કે, હું કોઈપણ લાલચ, દબાણ કે ધમકી વગર આજરોજ જુબાની આપુ છુ."**

**"એ વાત ખરી છે કે, આરોપી વિજય મને લલચાવીને કોઇ જગ્યાએ લઈ ગયેલ નથી."**

**"એ વાત ખરી છે કે, આરોપી વિજયે મારુ કોઇ અપહરણ કરેલ નથી."**

**૧૭.૨** આમ, સદરહુ સાહેદ ભોગબનનાર(K) નો ઉપરોક્ત નોંધવામાં આવેલ સમગ્ર પુરાવો વંચાણે લઈએ તો આરોપીએ તેણીનુ અપહરણ કરેલ હોય તેવુ બનેલ નથી અને આરોપી તેણીને કે તેણીને બહેનને

કોઈ હોટેલમાં લઈ ગયેલ હોય અને તેઓ ત્યાં રોકાયેલ હોય તેવુ પણ બનેલ નથી અને ભોગબનનારે સ્પષ્ટ જણાવેલ છે કે તેણીની સાથે કોઈ બનાવ બનેલ નથી. જેથી સદરહુ મહત્વના સાહેદ ભોગબનનાર(K) ના પુરાવામાંથી આરોપીને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર રજુ થવા પામેલ નથી.

૧૮. આ કામે **બન્ને ભોગબનનારના માતાને સાહેદ નંબરઃ ૩, આંક ૪૮** થી સોગંદ ઉપર તપાસ્યા છે અને તેણીએ તેણીના કોર્ટ સમક્ષના સોગંદ ઉપરના પુરાવામાં સરતપાસમાં જણાવેલ છે કે, તેણી ૩ વર્ષ પહેલાથી નવાગામ, બામણબોર ખાતે પોતાના માવતરે રહે છે અને સને-૨૦૨૫ ની સાલમાં સુખપરા, તા. ચોટીલા, જિ.સુરેન્દ્રનગર પોતાના સાસરે રહેતી હતી અને તેમના પતિનું નામ XXX ભાઈ છે અને તે કાંચ કામધંધો કરતા નથી અને તેણીને સંતાનમાં ૩ દીકરી અને ૩ દીકરા છે અને બંને ભોગબનનાર તેમની દીકરી છે. ભોગબનનાર(એમ) મોટી દીકરી છે અને બનાવ સમયે ભોગબનનાર(એમ)ની ઉમર ૧૭ વર્ષની હતી અને ભોગબનનાર(કે) ની ઉમર ૧૫ વર્ષની હતી. વધુમાં સાહેદે જણાવેલ છે કે, એકાદ વર્ષ અગાઉ તેણી પોતાના સાસરે હતી અને તેમની બંને ભોગબનનાર તેમના માતા-પિતાને ત્યા નવાગામ રહેતી હતી અને ભોગબનનાર(એમ) અને ભોગબનનાર(કે) બંને તેમના માતાના ઘરેથી જતી રહેલી અને ભોગબનનાર(એમ) અને ભોગબનનાર (કે) બંને રાત્રીના સમયે બામણબોરમાં આવેલ જી.આઈ.ડી.સી. ના કારખાનામાંથી આરોપી વિજય સાથે જતી રહેલી અને ત્યારબાદ બંને ૩ મહિના બાદ પો.સ્ટે. એ આવેલી અને તે સમયે આરોપી વિજય પણ સાથે હતો અને પોલીસે તેમને બોલાવતા તેણી પો.સ્ટે. ગયેલી અને ભોગબનનાર(એમ) એ કહેલુ કે, “મારે તમારી

સાથે નથી રહેવુ અને મારી ભોગબનનાર દીકરીએ પો.સ્ટે. માં બીજી કોઇ બનાવ સંબંધે વાત જણાવેલી નહી." વધુમાં જણાવેલ છે કે તેમનીદીકરી સાથે કોઇ બનાવ બનેલ હોય તે અંગે તેમને કાંય ખબર નથી અને આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

**૧૮.૧** સદરરહુ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,...

"**એ વાત ખરી છે કે, પોલીસે ફકત મારુ નામ સરનામુ પુછેલુ અને બીજુ કાંચ પુછેલુ નથી."**

**"એ વાત ખરી છે કે ભોગબનનાર(એમ)ની સાથે આરોપીએ કોઇ ખરાબ કૃત્ય કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી."**

**"એ વાત ખરી છે કે બંન્ને ભોગ બનનારને આરોપીએ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઇ જઇ કોઇ શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ મને કોઇએ કીધેલ નથી અને તેવુ કંઇ બનેલુ નથી."**

**"એ વાત ખરી છે કે, હું આજરોજ કોઈની ધાક ધમકી કે દબાણ વિના મારી સ્વેચ્છાએ મારી મરજીથી જુબાની આપુ છુ.**"

**૧૮.૨** આમ, સદરહુ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેતા સાહેદે પોતાની સરતપાસમાં જણાવેલ છે કે બંને ભોગબનનાર તેમના માતા–પિતાને ત્યા નવાગામ રહેતી હતી અને ભોગબનનાર(એમ) અને ભોગબનનાર(કે) બંને તેમના માતાના ઘરેથી જતી રહેલી અને ભોગબનનાર(એમ) અને ભોગબનનાર (કે) બંને રાત્રીના સમયે બામણબોરમાં આવેલ જી.આઇ.ડી.સી. ના કારખાનામાંથી આરોપી વિજય સાથે જતી રહેલી અને ત્યારબાદ બંને ૩ મહિના બાદ પો.સ્ટે. એ આવેલી અને તે સમયે આરોપી વિજય પણ સાથે હતો તેમ

જણાવેલ છે. જ્યારે ઉલટ તપાસમાં સાહેદે સ્પષ્ટ સ્વીકારેલ છે કે, બંન્ને ભોગ બનનારને આરોપીએ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જઈ કોઈ શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ બનેલુ નથી અને સાહેદે એમ પણ જણાવેલ છે કે તેણી કોઈની ધાક ધમકી કે દબાણ વિના સ્વેચ્છાએ પોતાની મરજીથી જુબાની આપે છે. જેથી સદરહુ સાહેદ તેના પુરાવામાં સરતપાસમાં જણાવેલ હકીકતોથી વિરુદ્ધની હકીકતો ઉલટ તપાસમાં જણાવતા હોય, સદરહુ સાહેદનો પુરાવો વિરોધાભાસી હોવાનુ સ્પષ્ટ થાય છે જેથી સદરહુ સાહેદના પુરાવાની હકીકતોથી ફરિયાદપક્ષને આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુન્હાની હકીકતો પુરવાર કરવામા મદદરુપ બનતો હોવાનુ માની શકાય તેમ નથી.

**<u>તબીબી સાહેદોનો મૌખિક પુરાવો.</u>**

૧૯. આ કામે **બન્ને ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર ડો. કૃપા શૈલેષભાઈ ડોલસીયાને આંક પર** થી તપાસવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે, તારીખઃ ૨૭/૦૩/૨૦૨૫ ના રોજ તેઓ મેડીકલ ઓફીસર તરીકે જનાના હોસ્પીટલ રાજકોટ મુકામે ફરજ બજાવતા હતા તે દરમ્યાન લેખીત યાદી સાથે ભોગ બનનાર(M)ને મેડીકલ તપાસણી કરવા માટે તેમના સમક્ષ લાવેલા. જે યાદીના આધારે તેઓએ ભોગ બનનાર(M) ની મેડીકલ તપાસણી તેણીની સંમતી મેળવી કરેલી. જેમાં ભોગબનનાર(M)ની શારીરીક તપાસણી કરતા તેણીના સેકન્ડરી સેકસ્યુઅલ કેરેકટર વિકસીત હતા તેમજ શરીર ઉપર અન્ય કોઈ ઈજાના નીશાન જોવામાં આવેલ ન હતા, તેણીનુ

યોનીપટલ જુનુ તુટેલુ હતુ, પ્રેગનેન્સી ટેસ્ટ નેગેટીવ હતો તેમજ તેણીએ તેમના સમક્ષ બનાવ અંગેની હિસ્ટ્રી લખાવેલી જે તેણીના જણાવ્યા મુજબ શબ્દસહ સર્ટીફીકેટમા લખી લીધેલ તેમજ તેણીના જરુર મુજબના નમુના લઈ શીલપેક કરી તપાસણી અર્થે મોકલેલા અને તેમના અભિપ્રાય મુજબ ભોગબનનાર(M)ની સાથે શારીરીક સંભોગની શકયતા નકારી શકાય નહી. સદરહુ સાહેદના પુરાવા દરમ્યાન આંક ૫૩ થી ભોગબનનાર(M) ની મેડીકલ તપાસણી કર્યાનુ સર્ટિફિકેટ રજુ થયેલ છે.

**૧૯.૧** વધુમાં સદરહુ સાહેદે જણાવેલ છે કે તે જ દિવસે તેઓએ ભોગબનનાર(K) ની મેડીકલ તપાસણી તેણીની સંમતી મેળવી કરેલી. જેમાં ભોગબનનાર(K)ની શારીરીક તપાસણી કરતા તેણીના સેકન્ડરી સેકસ્યુઅલ કેરેકટર વિકસીત હતા તેમજ શરીર ઉપર અન્ય કોઈ ઈજાના નીશાન જોવામાં આવેલ ન હતા, તેણીનુ હાઈમેન ઈન્ટેક્ટ હતુ, પ્રેગનેન્સી ટેસ્ટ નેગેટીવ હતો તેમજ તેણીએ તેમના સમક્ષ બનાવ અંગેની હિસ્ટ્રી લખાવેલી જે તેણીના જણાવ્યા મુજબ શબ્દસહ સર્ટીફીકેટમા લખી લીધેલ તેમજ તેણીના જરુર મુજબના નમુના લઈ શીલપેક કરી તપાસણી અર્થે મોકલેલા અને તેમના અભિપ્રાય મુજબ ભોગબનનાર(K)ની સાથે શારીરીક સતામણીની શકયતા નકારી શકાય નહી. સદરહુ સાહેદના પુરાવા દરમ્યાન આંક

પજ થી ભોગબનનાર(K) ની મેડીકલ તપાસણી કર્યાનુ સર્ટિફિકેટ રજુ થયેલ છે.

૧૯.૨ સદરહુ તબીબી સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સાહેદે સ્વીકારેલ છે કે....,

**"એ વાત ખરી છે કે ભઓગબનનાર–એમ નુ હાઈમન જુનુ તુટેલુ હતુ."**

**"એ વાત ખરી છે કે હાયમન રપ્ચર થવાના શારિરીક સંબંધ સિવાયના બીજા ઘણા કારણો હોઈ શકે."**

૧૯.૩ આમ, ઉપરોક્ત તબીબી સાહેદનો પુરાવો વંચાણે લેતા બન્ને ભોગબનનારની તેમણે તપાસ કરેલી અને બન્ને ભોગબનનારે લખાવેલ બનાવ અંગેની હિસ્ટ્રી શબ્દસઃ લખી લીધેલ હોવાનુ જણાવે છે તેમજ ભોગબનનાર(M) સાથે શારિરીક સંભોગ થયાની શકયતા નકારી શકાય તેમ ન હોવાનુ તેમજ ભોગબનનાર(K) સાથે શારિરીક સતામણીની શકયતા નકારી શકાય તેમ ન હોવાનુ જણાવેલ છે પરંતુ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ખુદ ભોગબનનાર(M) નાઓએ તેમના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે, આ કામના આરોપીએ તેણીની સાથે શરીરસંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તેવુ બનેલ નથી કે આરોપીએ તેણીને કોઈ જગ્યાએ લલચાવી ફોસલાવી બહારગામ લઈ જઈને

તેણીની સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી તેમજ ભોગબનનાર(M) સ્પષ્ટ જણાવેલ છે કે તેણીએ ડોક્ટર રુબરુ હિસ્ટ્રી લખાવેલ નથી. વધુમાં ભોગબનનાર(K) નાઓએ પોતાના કોર્ટ સમક્ષના સોગંદ ઉપરના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે આરોપી તેણીનુ કે તેણીની બહેનનુ અપહરણ કરી કયાંય લઇ ગયેલ હોય કે તેઓ આરોપી સાથે કોઇ હોટેલમાં રોકાયેલ હોય તેવુ બનેલ નથી તેમજ તેણીની સાથે કોઇ બનાવ જ બનેલ નથી તેમ સ્પષ્ટ જણાવેલ છે. તે સંજોગોમાં સદરહુ તબીબી સાહેદના મૌખિક પુરાવાની હકીકતો અને તેમના પુરાવા દરમ્યાન રજુ થયેલ મેડીકલ ચકાસણીના સર્ટિફિકેટો અને તેમાં બન્ને ભોગબનનારે જણાવેલ હિસ્ટ્રીની હકીકતોથી આરોપીને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

૨૦. આ કામે **આંક ૫૫ થી આરોપીની મેડીકલ તપાસણી કરનાર ડો. રવિ શિવાભાઇ ગઢીયા**ની સમગ્ર જુબાની વંચાણે લેતા, તેઓ સનેઃ ૨૦૨૫ ની સાલમાં કુવાડવા સી.એચ.સી. ખાતે પોતાની ફરજ પર હાજર હતા ત્યારે આરોપીની મેડીકલ તપાસ કરવા તેમના સમક્ષ પોલીસ યાદી સાથે લઇ આવેલા અને આરોપીની મેડીકલ તપાસણી કરેલી જેમાં આરોપીના ટેસ્ટીકલ્સ વિકસીત હતા, સેકન્ડરી સેક્સ્યુઅલ કેરેક્ટર વિકસીત હતા અને આરોપીની તપાસણી દરમ્યાન જરુરી નમુનાઓ

લેવામાં આવેલા અને તેમના અભિપ્રાય મુજબ આરોપી શારિરીક સંભોગ કરવા માટે સક્ષમ હતા. સદરહુ સાહેદના પુરાવા દરમ્યાન આંક ૫૬ થી આરોપીની મેડીકલ તપાસણીનુ સર્ટિફિકેટ રજુ થયેલ છે.

**૨૦.૧.** સદરહુ તબીબી સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે,

**"એ વાત ખરી છે કે આરોપીને પોલીસ યાદી સાથે અમારી સમક્ષ લાવેલ."**

**"એ વાત ખરી છે કે આરોપીના શરીર પર એક પણ ઈજાના નિશાન ન હતા."**

**૨૦.૨** આમ, ઉપરોકત તબીબી પુરાવામાં આરોપીના ટેસ્ટીકલ્સ વિકસિત હતા, આરોપીના સેકન્ડરી સેક્સ્યુઅલ કેરેક્ટર વિકસિત હતા અને આરોપી શારિરીક સંભોગ કરવા માટે સક્ષમ હોવાનુ જણાવેલ છે પરંતુ મહત્વના સાહેદ ભોગબનનાર(M) તથા ભોગબનનાર(K) નાઓએ તેઓની જુબાનીમાં આરોપી તેઓને લલચાવી ફોસલાવી કોઇ જગ્યાએ લઇ ગયેલ હોય કે ભોગબનનાર(M) સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય કે આરોપીએ ભોગબનનાર(K) ની જાતિય સતામણી કરેલ હોય તેવુ બનેલ નથી તેમ સ્પષ્ટ જણાવેલ છે તે સંજોગોમાં તેમજ ફરિયાદી(બન્ને ભોગ બનનારના દાદા) અને બન્ને

ભોગબનનારના માતાએ પણ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી ત્યારે ડોકટરશ્રીના મૌખિક પુરાવા તેમજ તેમના પુરાવા દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓની હકીકતોથી આરોપીને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેમ ન હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે.

**<u>તપાસ કરનાર અધિકારીનો પુરાવોઃ–</u>**

**૨૧.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નંબરઃ ૭, આંક ૫૯ થી તપાસ કરનાર અધિકારી – ઈલાબેન નરશીભાઈ સાવલીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન પોતાની ફરજના ભાગરુપે તપાસ કરી ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ અગાઉ ચર્ચા કર્યા મુજબ મહત્વના સાહેદ બન્ને ભોગ બનનાર ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય, તપાસ કરનાર અધિકારીને કોઈ અંગત માહિતી ના હોય તેવા સંજોગોમાં તપાસ કરનાર અધિકારીના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને કોઈ મદદ મળતી હોવાનું જણાય આવતુ નથી. વધુમાં આ કામે રજુ થયેલ આંક ૬૦ થી આંક ૬૬ સુધીના દસ્તાવેજો કે જે તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન કબ્જે કરેલા અને લખેલા દસ્તાવેજો છે, તે દસ્તાવેજો તેમજ આ કામે રજુ થયેલ અન્ય તમામ દસ્તાવેજો વંચાણે લેતા તેનાથી પણ ફરિયાદપક્ષના કેસને કોઈ મદદ મળતી નથી.

**૨૨.** આ કામે ફરિયાદી તથા બન્ને ભોગબનનાર તથા ફરિયાદીના પુત્રી અને બન્ને ભોગબનનારનાર માતાનો સમગ્ર પુરાવો વંચાણે લેતા, આરોપીએ બન્ને ભોગબનનારને બદકામ કરવાના ઈરાદે ફરિયાદીના

કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયેલ હોય અને ભોગબનનાર(M)ની ઈચ્છા વિરૂધ્ધ ભોગબનનાર(M) સાથે અવારનવાર શરીર સંબંધ બાંધેલ હોય તેમજ ભોગબનનાર(K) ની જાતિય સતામણી કરેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં બન્ને ભોગબનનારે પોતાના સોગંદ ઉપરના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે આરોપી તેઓને લલચાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી ભગાડીને લઇ ગયેલ હોય અને ભોગબનનાર(M)ની સાથે તેણીની મરજી વિરુદ્ધ બળાત્કાર કરેલ હોય કે ભોગબનનાર(K) ની આરોપીએ જાતીય સતામણી કરેલ હોય તેવુ બનેલ નથી ત્યારે મહત્વના સાહેદ બન્ને ભોગબનનાર તથા ફરિયાદી/ભોગબનનારના દાદા અને બન્ને ભોગબનનારના માતાના પુરાવાની હકીકતોથી ફરિયાદપક્ષના કેસની હકીકતોને જરુરી સમર્થન પ્રાપ્ત થતુ નથી. તે સંજોગોમાં રેકર્ડ ઉપર રજુ થયેલ તબીબી પુરાવો તેમજ અન્ય સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓની હકીકતોથી પણ આ કામના આરોપીએ તહોમતનામાં મુજબનો ગુનો કરેલ હોવાનુ ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આ સંજોગોમાં આરોપી બન્ને ભોગબનનારને ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવીને ભગાડીને લઇ ગયેલ હોય કે ભોગબનનાર(M) સાથે તેણીની મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધ બાંધી ઉગ્રપ્રવેશ જાતિય હુમલો કરેલો હોય કે ભોગબનનાર(K) ની જાતિય સતાણી કરેલ હોય તેવી હકીકત અંગેનો કોઇ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી ત્યારે આ કામે રેકર્ડ ઉપરની તમામ હકીકતોથી ફરિયાદીની ફરિયાદ હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ નથી.

**૨૩.** આ તબક્કે નામદાર ગુજરાત હાઇકોર્ટના ક્રિમીનલ અપીલ નંબરઃ ૧૫૪૨/૨૦૧૯ ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત નીચે મુજબ છે.

Para-5. Having regard to the submissions made by the learned advocates for the respective parties and to the documents on record, more particularly, the depositions of the witnesses and the findings recorded by the Special Court, it appears that the victim was aged about 17 years and 6 months on the date of alleged incident on 06.03.2018, however, in her evidence before the Special Court, she had stated that she had left the house as her mother had scolded her and she had gone to the house of the maternal uncle. She had further stated that after four days of the incident, her mother having telephoned her, her maternal uncle had again brought her back to her parents. In short, the victim herself had not supported the case of the prosecution that the respondent – accused had forcibly taken her from the lawful custody of her parents and committed rape on her, as alleged by the prosecution. The other witnesses i.e. the brother and Bhabhi of the victim also had turned hostile. Thus, the material witnesses having turned hostile, there was hardly any evidence connecting the respondent – accused with the alleged crime. It is needless to say that when two views are possible, the appellate court should be slow in interfering with the judgement of acquittal. The Special Court having recorded the findings that the prosecution had failed to prove the charges levelled against the respondent – accused beyond reasonable doubt, this Court is not inclined to interfere with the said findings, more particularly, when Ms. Pandey, learned advocate for the appellant, has failed to point out any illegality or infirmity in the impugned judgement and order passed by the Special Court.

૨૪. આમ, ઉપરોક્ત નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવ્યા મુજબ હાલના કેસમાં મટીરીયલ વિટનેસ એટલે કે બન્ને ભોગબનનાર સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી અને ભોગબનનાર(એમ)ને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આ સંજોગોમાં બન્ને ભોગબનનાર જે મહત્વના સાહેદ છે તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા માટેનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે કેસ પુરવાર કરી શકેલ નથી.

૨૫. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટના રાજીવસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૨૦૧૫ એઆઈજે ઈએલએસસી પાના નંબરઃ ૫૭૬૬૩ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, *It is well entrenched principal of Criminal jurisprudence that a charge can be said to be proved only when there is certain and explicit evidence ot warrant legal conviction and that no person can be held guilty on pure be, otherwise stirring he conscience of any court, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is "fouler the crime higher the proof". In unmistakable terms, it is the mandate of law that the prosecution in order to succeed in a criminal trial, has to prove the charge(s) beyond all reasonable doubt.*

*The above enunciation resonated umpteen times to be reiterated in Raj Kumar Singh @ Raju @ Batya vs. State of Rajasthan (2013) 5 SCC 722 as succinctly summarized in paragraph 21 as hereunder:*

*"Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that "may be" proved and "will be proved". In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between "may be"*

*and "must be" is quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between "may be" true and "must be" true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between "may be" and "must be" true, the court must maintain the vital distance between conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure that miscarriage of justice is avoided and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused., keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense." [ Emphasis laid by the court]*

*In supplementation, it was held in affirmation of the view taken in Kali Ram vs. State of H.P. (1973) 2 SCC 808 that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.*

*In terms of this judgment, suspicion, howsoever grave cannot take the place of proof and the prosecution case to succeed has to be in the category of "must be" and not "may be". A distance to be covered by way of clear, cogent and unimpeachable evidence to rule out any possibility of wrongful conviction of the accused and resultant miscarriage of justice. For this, the Court has to essentially undertake an exhaustive and analytical appraisal of the evidence on record and register findings as warranted by the same. The above proposition is so well-*

*established that it does not call for multiple citations to further consolidate the same.*

**૨૬.** ઉપરોકત તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે અને આરોપી સામે શંકા ઉપજે તેટલો પુરાવો હોય તો તેને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે મહત્વના સાહેદ બન્ને ભોગબનનાર પોતે તથા ફરિયાદી અને ભોગબનનારના માતાએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. વધુમાં મુદા નંબરઃ ૧ માં વિસ્તૃત ચર્ચા કર્યા મુજબની વિગતે જ્યારે બન્ને ભોગબનનાર બનાવ સમયે સગીર વયના હોવાની મહત્વની હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે તે સંજોગોમાં ઉપરોક્ત કારણો તેમજ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નંબરઃ ૨ નો જવાબ નકરામાં આપી મુદ્દા નંબરઃ ૩ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -// આ ખ રી હુ ક મ //-

**૧.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૫૮(૧) અન્વયે, આરોપી **વિજય જવરાભાઈ સાડમીયા**ને, બીએનએસની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪, ૬ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

**૩.** ટ્રાયલ દરમ્યાન આપેલ શરતી જામીન તથા જાત મુચરકા રદ/કેન્સલ કરવામાં આવે છે.

**૪.** જો આરોપી વિરુદ્ધના ગુન્હાને કામે અપીલ થાય તો અપીલ

અદાલતમાં હાજર રહેવા માટે આરોપીએ બી.એન.એસ.એસ. કલમ ૪૮૧ મુજબ રૂા.૧૦,૦૦૦/– અંકે રુપિયા દસ હજાર પુરાના જામીન રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

– કેસના સંજોગો ધ્યાને લેતા વળતર અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ, આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.
તારીખઃ ૦૮/૦૮/૨૦૨૬.

**(તેજસ એસ. બ્રહ્મભટ્ટ)**
સ્પે. જજ (પોક્સો કોર્ટ) અને
બીજા એડી. સેશન્સ જજ,
રાજકોટ.
(**UID:GJ00609**)

//*phb*//